

# Protection visa

## Protection visa પર વાતચીતમાં બદલાવ કરો.

**Protection visa (પેટાવર્ગ 866) વાસ્તવિક આશ્રય શોધનારાઓ માટે છે, જેઓ તેમના દેશમાં નોંધપાત્ર નુકસાન અથવા સતામણીના વાસ્તવિક જોખમનો સામનો કરી રહ્યા છે.**

ઓસ્ટ્રેલિયાની સરકાર હવે Protection visa માટે અરજી કરવા વિશે વિચારતા લોકો માટે **નિ:શુલ્ક કાનૂની સલાહ** પ્રદાન કરી રહી છે. આ સલાહ શક્ય અરજીકર્તાઓને તેઓ પાત્ર છે કે કેમ તે શોધવામાં મદદ કરશે અને લોકો ખોટી સલાહ આપી શકે તેવા નોંધણી વગરના સ્થળાંતર સલાહકારનો ઉપયોગ કરે તે જોખમને ઘટાડશે.

**આ તથ્ય પત્રિકા Protection visa માટે અરજી કરવા વિશે વિચારતા લોકો માટે આવશ્યક માહિતી અને મહત્વપૂર્ણ વિગતો પ્રદાન કરે છે.**

## તથ્યો શું છે?

Protection visas **વાસ્તવિક આશ્રય શોધનારાઓ** માટે છે. તે એવા લોકો માટે નથી કે જેઓ ઓસ્ટ્રેલિયમાં કામ કરવા માટે લાંબા સમય સુ ધી રહેવા માંગે છે

Protection visa અરજીમાં ખોટી માહિતી પ્રદાન કરવાથી **જેલ અને મોટો દંડ** થઇ શકે છે

જો તમારી Protection visa અરજી નામંજૂ ર કરવામાં આવશે તો, તમારા અથવા તમારા પરિવાર માટે **ક્યારેય ઓસ્ટ્રેલિયા પાછા ફરવું મુશ્કેલ** બની શકે છે

Protection visa માટે ઇન્કારનો સરેરાશ **દર 85% છે**

ભારતીય નાગરિકોની Protection visa અરજીઓમાં ઇન્કારનો દર સૌથી વધુ દરોમાંથી એક છે. વર્ષ 2023-24માં નિર્ણય કરાયેલ 97% ભારતીય અરજીઓ આવશ્યકતાઓ પૂ ર્ણ કરી શકી ન હતી અને તેને નકારી કાઢવામાં આવી હતી

તમે શેના માટે અરજી કરી રહ્યા છો અને કઇ માહિતી પૂ રી પાડવામાં આવી રહી છે તે સમજ્યા વગર **કોઇને પણ તમારા વતી Protection visa માટે અરજી કરવા દેશો નહીં.**

તમારા વતી કોઇ બીજું તે ભરે અને પહોંચતી કરે તો પણ તમારી અરજીમાં બધું જ સાચું છે તે તમારે **સુનિશ્ચિત કરવું** જોઇએ

## યોગ્યતા

Protection visas સંરક્ષણ વિઝા એવા લોકો (અથવા તેમના પરિવારના સભ્યો) માટે છે, જેમને નીચેના કારણોસર પોતાના ઘરે પાછા ફરે તો નોંધપાત્ર નુ ક્સાનનો અથવા સતામણીની **વાસ્તવિક શક્યતાનો સામનો કરવો પડે તેમ હોય:**

- જાતિ
- ધર્મ
- રાષ્ટ્રીયતા
- ચોક્કસ સામાજિક જૂ થનું સભ્યપદ અથવા
- રાજકીય મંતવ્ય

## ખોટી માહિતી

ઓસ્ટ્રેલિયા અને વિદેશમાં રહેતા લોકોને Protection visa વિશે ઘણી ખોટી માહિતી આપવામાં આવી રહી છે, જેના કારણે Protection visa અરજીકર્તાઓ અને તેમના પરિવારો માટે **ગંભીર પરિણામો** આવી શકે છે. Protection visas વાસ્તવિક આશ્રય શોધનારાઓ માટે છે. **તે એવા લોકો માટે નથી કે** જેઓ ઓસ્ટ્રેલિયમાં કામ કરવા માટે લાંબા સમય સુ ધી રહેવા માંગે છે.

મોટાભાગની નવી Protection visa અરજીઓ પર હવે તાજેતરના વર્ષોની તુ લનામાં **લગભગ 8 ગણી** ઝડપથી નિર્ણય લેવામાં આવી રહ્યો છે.

## ખોટી કે ગેરમાર્ગે દોરનારી માહિતી પૂરી પાડવી

એ સમજવું મહત્વપૂ ર્ણ છે કે જો તમે ખોટા દસ્તાવેજો પ્રદાન કરશો અથવા Protection visa અરજીમાં ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતી આપશો તો, તમને **મોટો દંડ** અને **10 વર્ષ સુધીની જેલની સજા** થઇ શકે છે.

## જો તમને Protection visa આપવાનો ઇન્કાર કરવામાં આવે તો

જો તમારી Protection visa અરજી નામંજૂ ર કરવામાં આવે અને તમારી પાસે માન્ય વિઝા ન હોય, તો **તમારે ઓસ્ટ્રેલિયા છોડવું પડશે** જો તમારી પાસે માન્ય વિઝા નથી, તો Australian Border Force (ઓસ્ટ્રેલિયાનાં સીમાદળો) દ્વારા તમને **અટકાયતમાં લેવામાં આવી શકે છે અને ઓસ્ટ્રેલિયામાંથી બહાર કરવામાં આવી શકે છે.**

# Protection visa

## Protection visas પર વાતચીતમાં બદલાવ કરો.

નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂ ની પ્રદાતા પાસેથી નિ:શુ લ્ક કાનૂ ની સલાહ લીધા વિના Protection visas માટે અરજી કરશો નહીં.

### નામંજૂર અરજીના પરિણામો

નામંજૂ ર કરવામાં આવેલ Protection visa ની અરજીની નોંધ **તમારી હિજરત નોંધો પર રહેશે**, જે તમારા અને તમારા પરિવાર માટે ભવિષ્યમાં ઓસ્ટ્રેલિયાની મુ લાકાત લેવાનું અઘરું બનાવી શકે છે. તમે કયા પ્રકારનાં વિઝા માટે અરજી કરો છો તે આધારે તે ભવિષ્યમાં વિશ્વભરનાં અન્ય દેશોની વિઝા અરજીને પણ અસર કરી શકે છે. તમે ઓસ્ટ્રેલિયામાં હશો ત્યાં સુ ધી **તમને મોટાભાગનાં અન્ય વિઝાઓ માટે અરજી કરવાની અનુમતિ આપવામાં આવશે નહીં**.

### સ્થળાંતર એજન્ટો

ઓસ્ટ્રેલિયામાં સ્થળાંતર એજન્ટો, સ્થળાંતર એજન્ટોની નોંધણી અધિકાર કચેરી (OMARA) સાથે નોંધાયેલા હોવા જોઇએ. કોઇ એજન્ટ **નોંધાયેલ છે કે કેમ તે તપાસવા** તમે વેબસાઇટની મુ લાકાત લઇ શકો છો.

તે નોંધાયેલ સ્થળાંતર માઇગ્રેશન એજન્ટ અથવા ઓસ્ટ્રેલિયાના કાનૂ ની વ્યવસાયી ન હોય તેવા વ્યક્તિએ સ્થળાંતરની સલાહ માટે શુ લ્ક લેવું **ગેરકાયદેસર** છે. જે વ્યક્તિ નોંધાયેલ સ્થળાંતર એજન્ટ અથવા ઓસ્ટ્રેલિયાના કાનૂ ની વ્યવસાયી ન હોય તેની સલાહ માટે ચૂ કવણી કરવાથી તમે ખોટી માહિતી મૂ જબ કામ કરતાં હોવ તેવું બને, જે સંભવતઃ ઓસ્ટ્રેલિયામાં રહેવાની તમારી તમામ **તકોને જોખમમાં મૂકી શકે** છે.

નોંધાયેલ ન હોય તેવા સ્થળાંતર એજન્ટો મોટાભાગે તેમની સેવાઓની જાહેરાત  સોશિયલ મીડિયા અને ઓનલાઇન ચેટગ્રુ પમાં કરતાં હોય છે.  આ સલાહકારો કેટલીકવાર અરજીકર્તાઓને Protection visa માટે અરજી કરતી વખતે ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી માહિતી અને ખોટા દસ્તાવેજો પૂ રા પાડવાનું કહે છે, અને **કેટલાક લોકો આ ખોટી સલાહ માટે હજારો ડૉલર વસૂલે છે**.

જો કોઇ તમને ગેરકાનૂ ની રીતે માઇગ્રેશન સહાય આપવાની કોશિષ કરી રહ્યું હોય તો, તમે અમને Border Watch Online Report (બોર્ડર વોચ ઓનલાઇન અહેવાલ) નો ઉપયોગ કરીને જાણ કરી શકો છો. તમારે તમારું નામ આપવાની જરૂર નથી.

### સમુદાયોની ભૂમિકા

ઓસ્ટ્રેલિયામાં રહેતા સમુ દાયોએ Protection visa માટે અરજી કરવાનું વિચારી રહેલા લોકોમાં **ખોટી માહિતીનો ફેલાવો અટકાવવામાં** મહત્વની ભૂ મિકા ભજવવાની છે, જેમાં સંભવિત અરજીકર્તાઓને એ હકીકતની જાણ કરવાનો પણ સમાવેશ થાય છે કે Protection visa **એ રોજગાર વિઝા નથી**.

સમુ દાયો Protection visa અરજીમાં **ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતી** આપવાથી અને નોંધણી વગરના સ્થળાંતર સલાહકારનો ઉપયોગ કરવાથી થતાં જોખમો વિશે જાગૃતિ ફેલાવવામાં મદદ કરી શકે છે.

જો Protection visa ની અરજી કરી રહેલ કોઇ તમને તેમને ટેકો આપતો કાગળ લખી આપવાનું કહે તો, તમારે આવું તો જ કરવું જોઇએ જો તમે માનતાં હોવ કે તેઓ **વાસ્તવિક આશ્રય ઇચ્છુક** છે કે જેઓ ઘરે પાછા ફરે તો નોંધપાત્ર નુ કસાન ભોગવવાનું જોખમ અથવા સતામણી થવાની વાસ્તવિક બીક ધરાવે છે.

વ્યક્તિને તેમના રાજ્ય અથવા પ્રદેશમાં નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂ ની પ્રદાતા પાસેથી નિ:શુ લ્ક કાનૂ ની સલાહ મેળવવા માટે પ્રોત્સાહિત કરો.

### યાદ રાખવા જેવી બાબતો

- તમારા રાજ્ય અથવા પ્રદેશમાં **નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂની** પ્રદાતા પાસેથી નિ:શુલ્ક કાનૂની સલાહ મેળવો
- Protection visa ઓ પર **વધુ માહિતી** મેળવવા homeaffairs.gov.au/protection પર જાઓ.
- તમને મળેલ ઇમિગ્રેશન સલાહ કાયદેસર છે તેની ખાતરી કરવા માટે ઓફિસ ઓફ માઇગ્રેશન એજન્ટ્સ રજીસ્ટ્રેશન ઓથોરિટી (OMARA) ની મુલાકાત લઇ **નોંધાયેલ સ્થળાંતર એજન્ટ** શોધો.
- તમારી જાતનું અને તમારા સમુ દાયનું રક્ષણ કરો. **નોંધાયેલા ન હોય તેવા સ્થળાંતર સલાહકારોની જાણ** ઓસ્ટ્રેલિયાનાં સીમા સુરક્ષા દળો ને અનામી રીતે કરો.
- કલ્પિક વિઝા વિકલ્પો તમારા માટે યોગ્ય છે કે નહીં તે શોધો, ગૃહખાતાની વેબસાઇટ પર વિઝા શોધક ની મુલાકાત લો.



વધુ જાણવા માટે homeaffairs.gov.au/protection ની મુ લાકાત લો

Australian Government